# 104 દેશોમાં ઈન્ટર્નશિપ માટે જઈ શકશે IIT-Gn. સ્ટુડન્ટ્સ

**આઈઆઈટી-જીએન અને નિલસન ઈન્ડિયા વચ્ચે સ્ટુડન્ટ્સને ગ્લોબલ ઈન્ટર્નશિપની વધુ તકો મળે તે માટે એમઓયુ સાઈન કરાયા છે.**

**BEST OPPORTUNITY**

સિટી રિપોર્ટર ▶ અમદાવાદ

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા નિલસન ઈન્ડિયા પ્રા.લિ. સાથે એમઓયુ સાઈન કરવામાં આવ્યાં છે. આ એમઓયુનો હેતુ આઈઆઈટીનાં અન્ડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઈન્ટર્નશિપની વધુ તકો મળે તે અંગેનો છે. આ એમઓયુની જાહેરાત મંગળવારે મીડિયા સમક્ષ આઈઆઈટી-જીનાં ડાયરેક્ટર ડો.સુધીર જૈન અને નિલસન ઈન્ડિયાનાં પ્રમુખ પિયુષ માથુરે કરી હતી. આ પ્રસંગે આઈઆઈટીજીનાં ડાયરેક્ટર પ્રો.ડો.સુધીર જૈને જણાવ્યું કે, અત્યાર સુધી આઈઆઈટીમાંથી પાસ થયેલાં એક તૃતિયાંશ વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ કે ઈન્ટર્નશિપનો લાભ મળ્યો હતો. જ્યારે આ એમઓયુ દ્વારા અમે આઈઆઈટીનાં વધુને વધુ વિદ્યાર્થીઓને ઈન્ટર્નશિપ માટે વિદેશમાં મોકલી શકીશું. વિદ્યાર્થીઓ અમને કહેશે કે તેમને કારર્કિદી કયા દેશમાં અને કઈ કંપની સાથે શરૂ કરવી છે, અમે તેમને સહયોગ પૂરો પાડીશું. આ વર્ષે અમે આ એમઓયુનાં હેઠળ હવે વધુ વિદ્યાર્થીઓને વિદેશમાં મોકલીશું.

## આથી IIT-Gn.ને પસંદ કરી



જો સ્ટુડન્ટ્સને ગ્લોબલ એક્સપોઝર વહેલી તકે મળે તો તેમની કારકિર્દીની દિશાનો તેમને યોગ્ય રીતે ખ્યાલ આવશે. અમે આઇઆઇટી-જીનાં વિદ્યાર્થીઓને 104 જેટલાં દેશોમાં ઇન્ટર્નશિપ માટે મોકલીશું. આઇઆઇટીજીની પસંદગીનુ કારણ અહીંયા કોગ્નિટિવ ન્યુરો સાયન્સનો કોર્સ ચાલે છે, જે ભારતભરમાં માત્ર અહીં જ ચાલે છે. - **પિયુષ માથુર,** પ્રમુખ, નિલ્સન ઇન્ડિયા.